# પ્રારંભિક

આ અહેવાલ જેનો હિસ્સો છે, તે મૂળ પ્રકલ્પ આદિવાસી આર્થિક વિકાસ દર્શન વર્ષ 2019 માં સમતા અને શોધ સંસ્થાન, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા હાથ ધરવામાં આવ્યું.

આદિવાસી વિકાસ મૂળ પ્રવાહના સમાજથી અલાયદો વિચારવામાં આવે છે. આદિવાસી વિકાસને પ્રારંભથી જ તેના સાંસ્કૃતિક અને સામાજિક પરિપ્રેક્ષ્યમાં વિચારવામાં આવે છે, કુદરતના ખોળે કુદરત સાથેનું તાદાત્મય સાથે જીવન જીવતા આદિવાસી સમાજમાં વિકાસની પ્રક્રિયા થકી બહુઆયામી પરિવર્તનનો આવી રહ્યા છે. આદિવાસી સમાજને વિકાસની આ બહુમુખી પ્રક્રિયા માંથી પસાર થતા તેના અસ્મિતાના પ્રશ્ન પણ ઉદ્ભવી રહ્યાં છે. વિકાસની પ્રકીયા માનવ જીવનના તમામ પાસાંઓને સ્પર્શે છે. આર્થિક વિકાસ સામાજિક, રાજકીય, સંસ્કૃતિક અને ધાર્મિક ક્ષેત્રને વધતાં ઓછા પ્રમાણમા પ્રભાવિત કરે છે, તે જ રીતે અન્ય ક્ષેત્રમાંથી ઉદ્ભભવેલ વિકાસની પ્રક્રિયા જીવનના બાકીના તમામ ક્ષેત્રોને વધતાં ઓછા પ્રમાણમા પ્રભાવિત કરે છે. વર્તમાન ગુજરાત રાજ્યનો આદિવાસી વિકાસ પણ વિકાસની આ આંતર સંબંધિત બહુઆયામી પ્રક્રિયાથી પ્રસાર થઈ રહ્યો છે.

આદિવાસી સમાજ પોતાની વિકાસ પ્રક્રિયામાં આજે વર્તમાન પ્રવાહના અનેક પડકારો અનુભવ કરી રહ્યો છે. આ પૈકી ટેકનોલોજીનો બદલાવ મૂળભૂત પરિબળ છે.વર્તમાન સમયમાં ટેકનોલોજી અત્યંત તીવ્ર ગતિએ સમાજના બહુધા સમૂહને પ્રભાવિત કરી રહી છે, આદિવાસી સમાજ પણ ટેકનોલોજીના પરિવર્તનની આ હરણફાળથી અત્યંત પ્રભાવિત થઈ રહ્યો છે. આદિવાસી સમાજમાં ટેકનોલોજીના અત્યંત પ્રભાવી સ્વભાવના કારણે અનેક પરિવર્તનો આવી રહ્યા છે. આદિવાસી સમાજ એક તરફ તેના મૂળભૂત વિકાસ પડકારોનો તો સામનો કરી રહ્યું છે, જ્યારે ટેકનોલોજી પણ આદિવાસી વિકાસ પ્રક્રિયા સામે વર્તમાન સમયમાં ઘણા પડકારો નું સર્જન કરી રહી છે. ટેકનોલોજી આદિવાસી વિકાસને ઘણા ક્ષેત્રોમાંપોષક પણ બની રહી છે. ભૂતકાળના અનુભવથી સમજાયું છે કે, માનવીના જીવનમાં ટેકનોલોજી તટસ્થ રહેતી નથી. ટેકનોલોજી તેના સંબંધ ધરાવતા સમૂહ પૈકી કોઈ એક સમૂહની તરફદારી કરે છે. ટેકનોલોજી ઉત્પાદન પ્રક્રિયામાં અપનાવાઈ હોય તો તે મૂડી પતિની તરફદારી કરે, ક્યાંતો શ્રમિકની તરફદારી કરે. ટેકનોલોજીના આ અતથસ્થ રહેવાના સ્વભાવથી સમાજમાં કોઈ એક પક્ષ માટે ટેક્નોલોજીના પરીવર્તન દ્વારા વિકાસ સામે પડકારો ઉદ્ભવે છે. બહુધા ટેક્નોલૉજી આર્થિક ક્ષેત્રમાં પ્રભાવી હોય છે. જેથી કરી અહી આર્થિક વિકાસ દર્શન દ્વારા આદિવાસી સમાજ વિકાસ પ્રક્રિયા ચિંતન કરવાનો પ્રયાસ છે.

આદિવાસી સમાજ આજે વર્તમાન પ્રવાહમાં ટેકનોલોજી ઉપરાંત પણ અનેક પડકારો અનુભવ કરી રહ્યો છે. માનવીના આર્થિક જીવનના આવા તમામ પહેલુને આ જીલ્લા આદિવાસી આર્થિક વિકાસ દર્શનમાં આમેજ કરવાની આ વિનમ્ર કોશિષ છે.

આદિવાસી જીવન દેશના અન્ય પ્રદેશની માફક ગુજરાત રાજ્યમાં પણ અનેક સંઘર્ષોનો સામનો કરી રહ્યું છે. વિકાસ આડે પાયાના ગરીબી, બેરોજગારીના પડકારો ઉપરાંત આજે અનેક સંકૂલ પડકારો ઉપસ્થિત થયા છે. આ તમામ પડકારો સામાજિક, આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક જેવા સમાજના અનેક પહેલુંઓને પ્રભાવિત કરી રહ્યા છે. આ તમામ પડકારોના સ્વરૂપને આદિવાસી જીવનના આતરિક અંશ થકી સમજવા અને તેના જ એક સભ્ય તરીકે આ પડકારોના સંભવ ઉકેલો સૂચન કરવાનો અહી

પ્રયત્ન કરવામાં આવ્યો છે. અત્યંત સ્વાભાવિક છે કે અત્યંત ભિન્નતા ધરાવતો ગુજરાતનો આદિવાસી સમાજ તેની ભોગોલિક વિસ્તારોની ખાસિયતો અને જે તે સામાજની પોતાની ખાસિયતોને કારણે તેને વિકાસ આડેના પડકારોમાં ભિન્નતા અનુભવી રહ્યો હોય, આ ભિન્નતાના તત્વને યોગ્ય અવકાશ મળે તેના માટે અહી જીલ્લા વાર આદિવાસી આર્થિક વિકાસ દર્શન અલાયદી રીતે પણ ચર્ચા કરવામાં આવ્યું છે.

વર્તમાન સમયની COVID -19 વૈશ્વિક મહામારી આદિવાસી સમાજ વિકાસ માટે એક વિશિષ્ટ પ્રકારનો પડકાર સાબિત થઇ રહી છે,COVID -19 ના પ્રભાવની અસરો આદિવાસી સમાજ વિકાસ ઉપર ખૂબ લાંબા સમય સુધી પ્રભાવી રહેવાની છે. ડિજિટલ ટેક્નોલૉજીના વિસ્તરેલા વ્યાપના અનુભવ દ્વારા આદિવાસી વિકાસમાં તેની સંભાવનાઓ અહી ખૂબ વ્યાપક પ્રમાણમા ચર્ચા કરવામાં આવેલ છે.

ગુજરાતનાં આદિવાસી સમાજના વિકાસની પ્રક્રિયાને સ્પર્શ કરતા પરિબળો, પડકારો અને વિકાસની ભાવિ સંભાવનાઓ એક જ મંચ ઉપર સામૂહિક ચિંતન કરવા માટે "જીલ્લા આદિવાસી આર્થિક વિકાસ દર્શન" તે આ જીલ્લા પ્રકલ્પ અહેવાલનું મુખ્ય આયોજન છે. જે આ ક્ષેત્રોમાં રસ ધરાવતા સર્વ માટે ઉપયોગી થશે.

**સંશોધક સમૂહ**

# આદિવાસી આર્થિક વિકાસ દર્શન પ્રકલ્પ સંશોધકસમૂહ

## (Research Team)

| સભ્યનું નામ | પ્રકલ્પ જવાબદારી | નિયમિત ફરજક્ષેત્ર | |
|---|---|---|---|
| વિદ્યુત જોષી | પ્રકલ્પ સલાહકાર | નિયામક.<br>સમતા અને વિકાસ સંસ્થાન.<br>ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ. |  |
| નિમિષા શુક્લ | મુખ્ય સંશોધક | પ્રાધ્યાપક અને વિભાગીય અધ્યક્ષ<br>ગ્રામ \અર્થશાસ્ત્ર વિભાગ, ગૂજરાત<br>વિદ્યાપીઠ, અમદાવાદ. |  |
| નરેશ ચૌહાણ | મુખ્ય સહશંશોધક | મદદનીશ પ્રાધ્યાપક ગ્રામ<br>અર્થશાસ્ત્ર વિભાગ ગૂજરાત<br>વિદ્યાપીઠ, અમદાવાદ. |  |

# જિલ્લા સંશોધકો

| સભ્યનું નામ | નિયમિત ફરજક્ષેત્ર | પ્રકલ્પ જવાબદારી | |
|---|---|---|---|
| નરેશ ચૌહાણ | મદદનીશ પ્રાધ્યાપક ગ્રામ અર્થશાસ્ત્ર વિભાગ ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. | જિલ્લા સંશોધક મહીસાગર, બનાસકાંઠા, વલસાડ, સાબરકાંઠા, બનાસકાંઠા ,સુરત અને નવસારી |  |
| કનુભાઈ વસાવા | મદદનીશ પ્રાધ્યાપક ગુજરાતી વિભાગ ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. | જિલ્લા સંશોધક નર્મદા અને ભરૂચ |  |
| સ્ટેન્લી ભનાત | અધ્યાપક સમાજશાસ્ત્ર વિભાગ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી | જિલ્લા સંશોધક અરવલ્લી |  |
| ધારા વઘાડિયા | મદદનીશ પ્રાધ્યાપક ગ્રામ અર્થશાસ્ત્ર વિભાગ ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. | જિલ્લા સંશોધક પંચમહાલ અને દાહોદ |  |
| કૈલાસ ભોયે | મદદનીશ પ્રાધ્યાપક ગ્રામ અર્થશાસ્ત્ર વિભાગ ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. | જિલ્લા સંશોધક ડાંગ |  |
| રાજેશ રાઠવા | સંશોધક મદદનીશ સમતા અને વિકાસ સંસ્થાન, ગૂજરાત વિદ્યાપીઠ | જિલ્લા સંશોધક છોટા ઉદેપુર |  |

# ઋણ સ્વીકાર


આદિવાસી આર્થિક વિકાસ દર્શન પ્રકલ્પ (ગુજરાત રાજ્ય) ના અમે સર્વે સંશોધક સમૂહના સભ્યો સંશોધન પ્રકલ્પના આ ઉમદા કાર્યમાં સહભાગી થવા માટે અમને જે અવકાશ પ્રાપ્ત થયેલ છે તે માટે આનંદ અનુભવ કરીએ છીએ. આ શંશોધન પ્રકલ્પના સફળ નિર્માણ કરવામાં આદિવાસી સંશોધન અને તાલીમ સંસ્થાન, આદિવાસી વિકાસ મંત્રાલય, ગુજરાત રાજ્યના સહયોગને અમે આભારસહ સ્વીકારીએ છીએ. તેમના નાણાંકીય આયોજનનો અમે ઋણ સ્વીકાર કરી ભવિષ્યમાં આવા ઉમદા કાર્યો માટે પરસ્પર સહયોગનું આયોજન થશે તેવી અપેક્ષા રાખીએ છીએ.

ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા અમને જે સાથ અને સહકાર પ્રાપ્ત થયેલ છે તેના કારણે આ સંશોધન કાર્ય સફળ થયેલ છે. આ સંશોધન કાર્યની સફળતાના મંચ નિર્માણના પાયામાં રહેલ ગૂજરાત વિદ્યાપીઠના સમતા અને શોધ સંસ્થાનના અમે સર્વે ઋણી છીએ.

અમારા સર્વેની માતૃ સંસ્થાઓ/વિવિધ વિધાકીય વિભાગો દ્વારા અમને સાથ સહકાર અને સમય ફાળવી આપી, આ શંશોધન પ્રકલ્પમાં સહભાગી થવા જે અવકાશ નિર્માણ કાર્યો તે બદલ અમે અમારી માતૃ સંસ્થાઓ/વિવિધ વિધાકીય વિભાગોનો આભાર માનીએ છીએ.

આ શંશોધન અહેવાલ નિર્માણ કાર્યમાં પોતાની તજજ્ઞતા દ્વારા માર્ગ દર્શન પૂરું પાડ્યું છે તેવા વિષય નિષ્ણાતો એવા શ્રી સુદર્શન આયંગર અને અન્ય તમામ નિષ્ણાતો કે જેમને પ્રત્યક્ષ કે પરોક્ષ સહાય કરી છે તે તમામ ના અમે ઋણી છીએ.

સંશોધન કાર્યમાં પ્રત્યક્ષ અને પરોક્ષ માહિતીના તમામ સ્રોતના અમે હૃદય પૂર્વક્ના ઋણી છીએ કારણકે અમારા આ સંશોધન કાર્યમાં વિષય વસ્તુના નિર્માણમાં તેમનો સાથ અને સહકાર રહેલ છે.પ્રસ્તુત અહેવાલનામાં મોટા ભાગેગુજરાત સરકારના ઉપક્રમે જીલ્લાવાર નિર્માણ કરવામાં આવેલા માનવ વિકાસ અહેવાલની વિવિધ માહિતી તેના મૂળ સ્વરૂપે ઉપયોગમાં લેવામાં આવેલ છે. અત્રે અમો સૌ ગુજરાત સોશિયલ ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવેલોપમેંટ સોસાયટી, ગુજરાત સરકાર દ્વારા નિર્માણ પામેલ આ માનવ વિકાસ અહેવાલો ની વિવિધ સવલગ્ન માહિતી દ્વિતીય કક્ષાની/ પૂરક માહિતી તરીકે તેના મૂળ સ્વરૂપે ઉપયોગમાં લીધેલ હોય તેનો ઋણ સ્વીકાર કારીએ છીએ.

**સંશોધક સમૂહ**

# અનુક્રમણિકા



| પ્રકરણ | વિષય | પાન ક્રમાંક |
|---|---|---|
| 1 | અહેવાલ સારાંશ/  ટૂંકસાર | 1 |
| 2 | જીલ્લના આદિવાસીનો વિકાસ અંગે અભિગમ | 7 |
| 3 | જીલ્લામાં આદિવાસી વિકાસના પડકાર (સ્થાનિક સમસ્યાઓ) | 23 |
| 4 | નીતિ નિર્ધારણ માટેની ભલામણો | 34 |